આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **12-06-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

# ઓડિશા અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીના આજે શપથ

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા મોહન ચરણ માઝી ઓડિશાના નવા મુખ્યમંત્રી બનશે. બે કેન્દ્રીય નિરીક્ષકો રાજનાથ સિંહ અને ભુપેન્દ્ર યાદવની હાજરીમાં ભાજપ વિધાનસભા પક્ષે 52 વર્ષના માઝીને સર્વાનુમતે ચૂંટી કાઢ્યા હતા.

આંધ્રપ્રદેશ વિધાનસભામાં એનડીએ નેતા તરીકે ટીડીપીના વડા એન ચંદ્રબાબુ નાયડુને ચૂંટવામાં આવ્યા છે. શ્રી નાયડુ આજે રાજ્યના મુખ્યમંત્રીપદે શપથ લેશે. જનસેના પાર્ટીના વડા પવન કલ્યાણે એનડીએનાં નેતા તરીકે ચંદ્રબાબુ નાયડુનાં નામની દરખાસ્ત રજૂ કરી હતી, જેને એનડીએનાં તમામ ધારાસભ્યોએ સર્વાનુમતે ટેકો આપ્યો હતો.

**RNU** અમદાવાદ

---

## કોંગ્રેસ દ્વારા રાયબરેલીમાં આભાર સભા

કોંગ્રેસના નેતા અને રાયબરેલીના સાંસદ રાહુલ ગાંધી તથા પક્ષના મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડ્રાએ ગઇકાલે રાયબરેલીમાં આભાર સભાને સંબોધન કર્યું હતું. અમેઠી અને રાયબરેલી બેઠકો પર વિજય બદલ લોકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, લોકોએ હિંસા, જૂઠ્ઠાણું અને અભિમાન વિરુધ્ધ મત આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે ઉત્તરપ્રદેશનાં તમામ 403 જિલ્લામાં આજથી ધન્યવાદ યાત્રા શરૂ કરી છે, જે 15 જૂન સુધી ચાલશે.

**RNU અમદાવાદ**

---

## યુજીસી વર્ષમાં બેવાર પ્રવેશ આપવાની મંજૂરી

યુજીસીએ આગામી શૈક્ષણિક સત્રથી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને વર્ષમાં બે વાર પ્રવેશ આપવાની મંજૂરી આપી છે. હાલમાં, યુજીસીનાં નિયમ પ્રમાણે વર્ષમાં માત્ર એક જ સત્રમાં પ્રવેશ આપી શકાય છે. હવેથી જાન્યુઆરી, ફેબ્રુઆરી, જુલાઇ અને ઓગસ્ટમાં પ્રવેશ આપવામાં આવશે.યુજીસીના ચેરમેન પ્રોફેસર એમ જગદેશકુમારે જણાવ્યું છે કે, આ નિર્ણયથી બોર્ડ પરિણામોમાં વિલંબ, આરોગ્યને લગતી સમસ્યા કે અંગત કારણોસર પ્રવેશ ન લઈ શકતા અનેક વિદ્યાર્થીઓને લાભ થશે.

તેમણે જણાવ્યું કે, વર્ષમાં બે વાર પ્રવેશની મંજૂરીને કારણે વિદ્યાર્થીઓને રાહત મળશે કારણ કે કોઈ કારણસર પ્રવેશ નહીં મળવાથી તેમને આખુ વર્ષ રાહ નહીં જોવી પડે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------

## પીએમ-નિયમિત યોગાભ્યાસ કરવા આહવાન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ  લોકોને નિયમિત યોગાભ્યાસ કરવા આહ્વાન કર્યું છે. તેમણે તેમનાં 'એક્સ' હેન્ડલ પોસ્ટ પર યોગના મહત્વ વિશે ચર્ચા કરી છે. તેમણે લખ્યું હતું કે, "જેમ જેમ યોગ દિવસ નજીક આવી રહ્યો છે તેમ તેમ હું વિડિયોનો એક સેટ શેર કરી રહ્યો છું, જે વિવિધ આસનો અને તેના ફાયદાઓ વિશે માર્ગદર્શન આપશે. હું આશા રાખું છું કે, યોગ દિવસ તમને નિયમિત રીતે યોગાસન કરવા માટે પ્રેરિત કરશે.

ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 21મી જૂને ઉજવવામાં આવે છે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------

## જિલ્લામાં આજથી વાહનોની ફિટનેસ માન્યખાનગી સેન્ટરો પર

જિલ્લામાં પરિવહનના વ્યવસાયને અસરકારક એક નિર્ણયમાં રિક્ષા અને બસથી માંડીને ટ્રક અને ટ્રેલર સુધીના પરિવહન વાહનોની ફિટનેસ કામગીરી આજથી માન્ય ખાનગી સેન્ટરોમાં જ થશે. જાણવા મળતી વિગતો મુજબ કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલયના એક પરિપત્રનો અમલ કરતાં રાજ્યની વાહન વ્યવહાર કમિશનર કચેરી દ્વારા ગુજરાતની તમામ આરટીઓ અને એઆરટીઓ કચેરીના કાર્યક્ષેત્રમાં મંજૂરી પામેલા ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનમાં જ ફરજિયાતપણે ટ્રાન્સપોર્ટ અથવા કોમર્શિયલ વાહનોના ફિટનેસને લગતી કામગીરી કરાવવાની રહેશે, તેમ જણાવવામાં આવ્યું છે. આ પરિપત્ર મુજબ આજથી ટ્રાન્સપોર્ટ અને કોમર્શિયલ વાહનોના ફિટનેસની તમામ પ્રકારની કામગીરી માત્ર ખાનગી સેન્ટરો પર જ હાથ ધરી શકાશે. એટલે કે, આરટીઓ દ્વારા આ પ્રકારની કામગીરી આજથી કરવાની રહેશે નહીં.

**N.P. કલ્પના શાહ**

---

## મોબાઇલ ટીબી સ્કેનિંગ યુનિટનું માતાનામઢથી પ્રસ્થાન

વર્ષ 2025 સુધી દેશ ટીબી (ક્ષય) રોગમુક્ત બને તે માટે આરોગ્ય વિભાગ વિવિધ યોજના ચલાવી રહ્યો છે. તે અંતર્ગત ગઇકાલે મોબાઇલ ટીબી સ્કેનિંગ યુનિટ-એમ્બ્યુલન્સનું યાત્રાધામ માતાના મઢથી પ્રસ્થાન કરાયું છે. આ એમ્બ્યુલન્સ ટીબી (ક્ષય) રોગના નિરીક્ષણ માટે અદ્યતન એક્સ-રે મશીન સહિતનાં વિવિધ સાધનોથી સજ્જ છે. કચ્છભરમાં આ

એમ્બ્યુલન્સ ભ્રમણ કરી ટીબીના દર્દીઓની ચકાસણી કરી તુરંત રિપોર્ટ બનાવી આપશે. કચ્છ આરોગ્ય વિભાગના નિષ્ણાતની ટીમ દ્વારા આ કામગીરી કરવામાં આવશે.

**N.P. કલ્પના શાહ**

---

## હવામાન

ગુજરાતમાં ભારે ગરમી બાદ રાહતના સમાચાર છે. છેલ્લા બે દિવસથી રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી માહોલની સ્થિતિ છે. દરમિયાન હવામાન વિભાગે આગામી સાત દિવસોમાં રાજ્યના ઘણાં ખરાં ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરી છે. જે મુજબ સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે ઝાપટાં પડી શકે છે. ગઈકાલથી રાજ્યના સરેરાશ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. ગઇકાલે કંડલા હવાઇ મથક ખાતે મહત્તમ ઉષ્ણાતામાન 41.3 ડિગ્રી, ભુજ ખાતે 39 ડિગ્રી મહત્તમ ઉષ્ણાતામાન સાથે બપોરના સમયે લૂ અને પ્રખર તાપને પગલે જનજીવન અકળાયું હતું.

**RNU અમદાવાદ**

---